ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૫-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### મહિલા મુખ્યમંત્રીના શાસનની પહેલી વર્ષગાંઠ

ગુજરાતનું ગૌરવગીત લખનારા આદિપુરુષે 'જય જય ગરવી ગુજરાત'ની સાથે મહાદેવ અને માતાજીઓનો માત્રામેળ બેસાડ્યો છે. ગુજરાતના નાથ તરીકે સિદ્ધરાજ જયસિંહમાં સુવર્ણકાળની અસ્મિતા નીરખનારાઓ સુપેરે જાણે છે કે માતા મીનળદેવીની વિચક્ષણ દૃષ્ટિએ સુશાસનનો પાયો નાખ્યો હતો. ગુજરાતમાં નારી શક્તિનાં મંગળાચરણ થોડાં મોડાં થયાં, જો કે પહેલાં મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાનાં ધર્મપત્ની ડો. હંસાબહેન મહેતા દેશમાં સર્વપ્રથમ યુનિવર્સિટીનું કુલપતિપદ સંભાળનારાં મહિલા તરીકે નામના મેળવી ચૂક્યાં હતા. ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી પદે એક અદના શિક્ષક-ખેડૂત પરિવારમાં પાંગરેલાં શિક્ષિકા સન્નારી આરૂઢ થયાં તે રાજયના ઇતિહાસની એક શકવર્તી ઘટના જ ગણાશે. આજે એમને સત્તાનાં સૂત્રો સંભાળ્યે એક વર્ષ પુરું થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમને ગુજરાતની ગાદી સુપરત કરતાં જાહેરમાં ઉચ્ચારેલા શબ્દો યાદ આવે છે. એમણે આનંદીબહેન પટેલ પોતાનાં કરતાં પણ વધુ સારું શાસન આપશે, એવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી, મહદંશે આનંદીબેન એમનાં પૂર્વસૂરિનાં પગલે અને એમના જ નકશાકદમ પર ચાલ્યાં છે, છતાં એમના શાસનમાં માતૃહૃદયની મીઠાશ અને મૃદુતા જરુર ઉમેરાઇ છે. જો કે એ ઉમદા વૃત્તિઓનો ગેરલાભ લઇને એમણે અપેક્ષેલી ગતિશીલતામાં બ્યુરોક્રસી કયાંક ઊણી પણ ઊતરી હશે, પરંતુ આનંદીબેનમાં માણસને એના પગરવ પરથી પારખવાની છઠ્ઠી ઇંદ્રીય છે, એ પણ ગુજરાતે અનુભવ્યું છે. વરસ દરમિયાન એ પગ વાળીને બેઠાં નથી. એમણે બ્યુરોક્રસી પર પણ નરેન્દ્રભાઇ જેવો જ કડપ દાખવ્યો છે. પાર્ટીમાં સત્તાની સાઠમારીની રાહ જોઇ રહેલાં 'શુભચિંતકો'ને નિરાશા સાંપડી છે. મૂળે ગાંધીવિચારનું ઉભય પક્ષે ભાથું ધરાવતાં શિક્ષિકા મુખ્યમંત્રી સામે કોઇએ વિદ્રોહનો સૂર કાઢ્યો નથી તેમ સિનિયર મંત્રીઓમાં કોઇ સ્પર્ધાનો ભાવ પણ વરતાતો નથી. ઉલ્ટાનું કેન્દ્રમાં સાનુકૂળ શાસન સ્થપાતાં ગુજરાતને એના પ્રશ્નોનું સહેલાઇથી સમાધાન મળતું થયું છે. પરંતુ વિકાસકૂચની ગતિ જળવાઇ રહી હોવા છતાં મંઝિલ હજી દૂર છે. આનંદીબેનના ઉંમરલાયક ખભા પર ભારતીય જનતા પાર્ટીને ૨૦૧૭માં ચૂંટણીની વૈતરણી પાર કરાવવાની જવાબદારી આવી છે. ત્યાં સુધીમાં નર્મદા, સરદાર પ્રતિમા અને ગિફ્ટસિટી - સ્માર્ટસિટી જેવા સ્વપ્નદૃષ્ટા વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ પણ પાર પાડવાના છે. મેટ્રો રેલવેના પ્રોજેક્ટમાં થયેલ કહેવાતી ખાયકી સામે કડક પગલાં લઇને મુખ્યમંત્રીએ ભ્રષ્ટાચાર મુક્ત શાસનની પ્રતિબદ્ધતા દર્શાવી છે. નરેન્દ્રભાઇ સામે કોંગ્રેસની કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ નિયુક્ત રાજયપાલની પાર વગરની અડચણો હતી. આનંદીબેન સામે એવી કોઇ અડચણો નથી. એમના વિશે અવારનવાર ફેલાવાતી કથળેલા સ્વાસ્થ્યની અફવાને પણ એમને જાતે જ રદિયો આપી દીધો છે. આખા વરસ દરમિયાન સતત કાર્યરત રહી વર્ષાન્તે તેઓ ચીનયાત્રામાં વડાપ્રધાનની સાથે જોડાયા હતા. ગતિશીલ ગુજરાતના સુશાસનના દ્વિતીય વર્ષના મંગલાચરણે આનંદીબેન પટેલના નેતૃત્વમાં ગુજરાતની આવતીકાલ વધુ ઉજજવળ બને અને દેશના સમર્થ મુખ્યમંત્રીઓમાં ગણના થાય એવી શુભકામનાઓ...

## પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૨૧



ઝાહિરા રાજીમહમદ મનસુરીએ ગૂજરાત વિદ્યાપીઠના હિન્દી ભાષા અને સાહિત્ય વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. જસવંતભાઈ પંડ્યા (મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ 'મહેરૂન્નિસા પરવેજ કે કથા સાહિત્ય મેં નારી ચેતના' વિષય પર શોધ નિબંધ રજૂ કર્યો હતો. જેને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા માન્ય રાખીને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવેલ છે.

# ગાંધીનગરમાં જિલ્લાની પ્રથમ જુડો ફ્રેન્ડલી ચેમ્પીયનશીપ યોજાઈ





તાજેતરમાં અર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર અને જુત્સુકાન કરાટે ડો એકેડમી, ગુજરાત ધ્વારા તારીખ ૧૫ના રોજ શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય, સેક્ટર૨૭ ખાતે ગાંધીનગર જિલ્લાની પ્રથમ ફ્રેન્ડલી જુડો ચમ્પિયનશીપ ૨૦૧૫૧૬ યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાંધીનગર મહાનગર પાલિકાના નવનિયુક્ત પ્રથમ મહિલા મેયર શ્રીમતિ હંસાબેન મોદી, અર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કું. કિલ્લોલ એસ સાપરિયા, ચૌધરી સ્કુલના આચાર્યા શ્રીમતિ સંતોકબેન ચૌધરી, શ્રી અ. આં. કે. મંડળના કેમ્પસ ડાયરેક્ટર શ્રી પંચાલસાહેબ, જુત્સુકાન કરાટે ડો એકેડમી, ગુજરાતના પ્રમુખ શ્રી દિવ્યાંગ પરમાર અને જનરલ સેક્રેટરી શ્રી ભારત દિવાકર સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે ખાસ ઉપસ્થિત રહયા હતા.

મેયરશ્રીએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા જુડો જેવી રમત અત્યારના સમયમાં અનિવાર્ય છે. તેમણે સર્વે સ્પર્ધકોને જુડો રમતમાં ભવિષ્યમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ રાષ્ટ્રીય અને અંતરરાષ્ટ્રીય કક્ષાએ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આવી સ્પર્ધાઓ થકી બાળકો તેમની અંદર રહેલી રમતકળાના કૌશલ્યો બહાર લાવે તે માટે અવારનવાર આયોજન કરવા આયોજકોને અનુરોધ કર્યો હતો અને સ્પર્ધાના સફળ આયોજન બદલ આયોજકોને બિરદાવ્યા હતા. શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના આચાર્યા શ્રીમતિ સંતોકબેન અને કેમ્પસ ડાયરેક્ટર શ્રી પંચાલ સાહેબે તમામ ખેલાડી ભાઈઓ અને બેહનોને જુડો ની રમત માં આગળ વધી દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ સાથે આશિર્વાદ પાઠવ્યા હતા. વિજેતા સ્પર્ધકોને શ્રીમતિ હંસાબેન મોદી સહીત તમામ ઉપસ્થિત મેહમાનોના વરદહસ્તે મેડલ્સ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.આ સ્પર્ધામાં શ્રી નદીમ મેમણ,શ્રી નીલેષ પટેલ,શ્રી પાર્થ શિંદે,શ્રી દિવ્યાંગ પરમાર,શ્રી ભરતસિંહ જાદવ,શ્રી નીકુલ પટેલ,શ્રી સમીર સુમરા વગેરેએ ઓફિસિયલ્સ તરીકે સેવાઓ પ્રદાન કરી હતી. અંતમાં આ સ્પર્ધાને સફળ બનાવવા ઉપસ્થિત સર્વે મેહમાનશ્રીઓ, ઓફિસિઅલ્સ તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જેમનો સહયોગ સાંપડયો તે સર્વે નો હ્રીદયપુર્વક અભાર વ્યક્ત કરતા અર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કું. કિલ્લોલ એસ સાપરિયા ધ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# ડીએસપીના હસ્તે હોર્સ હાઈડીંગ સ્કુલનું ઓપનીંગ

**જિલ્લાના ૫૦ યુવાનોએ તાલીમ માટે ફોર્મ ભર્યા**

ગાંધીનગર, તા.૨૧

સેકટર-૨૭ એસ.પી. કચેરી



ખાતે આજે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની ઉપસ્થિતિમાં હોર્સ રાઈડીંગ સ્કુલનું ઉદઘાટન કરવામાં આવ્યું. ગાંધીનગર પોલીસ દ્વારા પ્રથમ વખત હોર્સ રાઈડીંગ સ્કુલ શરુ કરવામાં આવી છે. ગાંધીનગરના યુવાનો-યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આશરે ૫૦ જેટલા યુવાનોએ ઉમેદવારી ફોર્મ ભર્યા છે અને હાલ ૨૫ જેટલા તાલીમાર્થીઓને સાત અશ્વો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે.

આ કોર્ષમાં જોડાવા માટેના અરજી ફોર્મ ડીએસપી કચેરીની માઉન્ટેડ શાખા ખાતેથી વિના મુલ્યે મળી રહેશે. એક માસની તાલીમની ફી સ્કુલ-કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે રૂપિયા ૫૦૦ તથા આમ જનતા માટે રૂપિયા ૧૦૦૦ નિર્ધારીત કરવામાં આવી છે. તાલીમનો સમય સવારે ૬ કલાકથી ૮ કલાક સુધીનો રાખવામાં આવેલો છે.

આજે માઉન્ડ પીએસઆઈ વી.સી. યાદવ તથા માઉન્ટેડ પોલીસ યુનીટના એ.ડી.આઈ. ભવાનીસિંહ શેખાવત તથા પોલીસ જવાનો દ્વારા ઘોડેસવારીનું પ્રાથમિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. ઘોડે સવારીથી વ્યકિતમાં શિસ્ત તેમજ આત્મવિશ્વાસમાં વધારો થાય છે તેમજ આમ જનતા અને પોલીસ વચ્ચે નિકટતા વધશે.

પોલિસ અધિક્ષક તરફથી આમ જનતાને અપીલ કરવામાં આવી છે કે જે લોકો ઘોડેસવારીની તાલીમ લેવા ઈચ્છતા હોય તેઓ નિયત ફોર્મ ભરી પ્રવેશ મેળવી શકશે.

# કોમર્સ કોલેજમાં પ્રવેશ માટે આજે માર્ગદર્શન પરિસંવાદ

અમદાવાદ, તા.૨૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોમર્સ કોલેજોમાં બીકોમમાં પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ મુજબ અપાનારા પ્રવેશમાં આ વખતે યુનિવર્સિટીએ કોમર્સ કોલેજો માટે પાર્ટીસિપેટ ઈન્સ્ટિટ્યુટ મોડ્યુલ બનાવ્યું છે જેને પગલે દરેક કોમર્સ કોલેજે વિદ્યાર્થીઓને પ્રવેશ અંગેનું માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ વિદ્યાર્થીઓને કોમર્સ કોલેજોમાં પ્રવેશ માટે યુનિવર્સિટી ઉપરાંત કોલેજોમાંથી પણ માર્ગદર્શન મળી શકે તે માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીઆઈ મોડ્યુલ બનાવ્યું છે. આ મોડ્યુલ અનુસાર યુનિવર્સિટી સંલગ્ન દરેક કોમર્સ કોલેજે વિદ્યાર્થીઓને પ્રવેશ અંગેનું માર્ગદર્શન આપવાનું રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીને કઇ કોલેજમાં પ્રવેશ મળ્યો કે કઇ કોલેજમાંથી પ્રવેશ રદ કર્યો એ માહિતી જે તે કોલેજ પણ મેળવી શકશે. અગાઉ પ્રવેશ પ્રક્રિયા દરમિયાન પોતાની કેટલી બેઠકો ભરાઈ તેની માહિતી કોલેજોને મળતી નહોતી, પરંતુ આ વખતે પીઆઈ મોડ્યુલથી કોલેજો પોતાની બેઠકોની સ્થિતિ જાણી શકશે. આ યોજના અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીની એડમિશન કમિટિ દ્વારા કેકા શાસ્ત્રી ગવર્મેન્ટ કોલેજમાં આવતીકાલે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારમાં બીકોમ, બીબીએ, એમએસસીઆઈટી, એમબીએ સહિતના અભ્યાસક્રમાં પ્રવેશ અંગેની માહિતી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં બીકોમ, બબીએ, બીસીએ તથા પાંચ વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સ એમએસસી આઈટી અને એમબીએ સહિત કુલ પાંચ કોર્સની કુલ ૭૧ કોલેજની અંદાજે ૨૭૦૦૦ બેઠક માટે પ્રવેસ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. જો કે, આ વખતે વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન વખતે જ ચોઈસ ફીલિંગનો વિકલ્પ આપી દેવાયો છે જે અનુસાર વિદ્યાર્થીએ ઓછામાં ઓછી ૧૫ કોલેજની પસંદગી કરવાની રહેશે. બે તબક્કામાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. સોમવારથી પીન અને બુકલેટનું વિતરણ શરૂ કરાયું છે. વિદ્યાર્થીઓ તારીખ ૫મી જૂનથી ૧૧મી જૂન સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

## હરિની દૃષ્ટિ...



વત્સ, જેમ તારી પત્નિ તારા વખાણ કદી નહી કરે તેમ જ છે... પ્રજા તો ખુશી નહી વ્યકત કરે તમે કરવા લાગો...!!

# આજે જૈવિક-વિવિધતા દિવસની ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

આપણી પૃથ્વી બ્રહ્માંડનો એક માત્ર જૈવિક ગ્રહ છે. આ પૃથ્વીની આસપાસ મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જૈવાવરણ આવેલા છે. જેમાં જૈવાવરણમાં અનેક જીવોનો સમાવેશ થાય છે. વનસ્પતિ અને પ્રાણીઓની દુનિયા ખૂબજ ગજબની છે. અનેક જાતિઓ અને પ્રજાતિઓ આ જૈવસૃષ્ટિમાં જોવા મળે છે. જમીનની અંદર, રેગીસ્તાન, બર્ફીલા પ્રદેશો, સમુદ્ર વગેરે સ્થળોએ જીવોનું અસ્તિત્વ છે.

આ જીવોની અનેક વિવિધતા છે. જેને જૈવિક વિવિધતા અંગ્રેજીમાં બાયોડાયવર્સીટી કહેવામાં આવે છે. માનવીય હસ્તક્ષેપના કારણે અનેક જીવો સંકટમાં છે. કેટલીય જાતો લુપ્ત થવાના આરે છે. લોકો આ જૈવિક વિવિધતાનું મહત્વ સમજે તે હેતુથી આંતરરાષ્ટ્રીય સ્તરે ૨૨ મે ને 'જૈવિક વિવિધતા દિન' તરીકે ઉજવવામાં આવે છે. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર અને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરના ઉપક્રમે ૫૦ વિદ્યાર્થીઓનો એક દિવસીય કાર્યક્રમ પ્રકૃતિ ઉદ્યાન ઈન્દ્રોડા ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિનો પરિચય, વોટોનીકલ ગાર્ડનની મુલાકાત, ગુજરાતની જૈવિક-વિવિધતા પર ફિલ્મ, ચર્ચાસભા તથા ક્વીઝ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે અતુલભાઈ અમીન (આરએફઓ), ભરત પાઠક (નિયામક,ગીર) તથા ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે.

# નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળનો સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર દ્વારા ચતુર્થ દશાબ્દિ અંક વિમોચન સમારોહ યોજાશે. આગામી તા. ૨૪ મે, રવિવાર, સાંજે ૪.૩૦ વાગે સેક્ટર-૨૩ સ્થિત બ્રહ્માણી કૃપા હોલમાં અતિથિ વિશેષ ડૉ. જીતુભાઈ પંચાલ અને મહેમાન અમૃતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજવામાં આવશે. આ સમારોહમાં મંડળના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે.

**વિદ્યાર્થીને જુદી-જુદી રીતે સુનાવણી માટે બોલાવાશે**

# ચોરી કરતા ઝડપાયેલા વિદ્યાર્થી અંગે આજથી સુનાવણી કરાશે

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫માં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં સીસીટીવી કેમેરામાં ચોરી કરતા પકડાયેલા છ હજારથી વધુ વિદ્યાર્થીઓ મામલે આવતીકાલથી સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આ સુનાવણી ૨૯મી મે સુધી ચાલશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ચાલુ વર્ષે માર્ચ ૨૦૧૫માં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં સીસીટીવી અને ટેબલેટનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. પરીક્ષા બાદ આ સીસીટીવી અને ટેબલેટથી કરવામાં આવેલ વિડિયો રેકોર્ડિંગનું ચેકિંગ કરવામાં આવ્યું હતું જેમાં ૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ ચાલુ પરીક્ષાએ ચોરી કરતા નજરે પડ્યા હતા. આ વિદ્યાર્થીઓને નોટિસ પાઠવીને શિક્ષણ બોર્ડ દ્વારા આ હિયરિંગ માટે બોલાવવામાં આવ્યા છે ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વિદ્યાર્થીઓના હિયરિંગની પ્રક્રિયા આવતીકાલથી શરૂ કરવામાં આવશે જે ૨૯મી મે સુધી ચાલશે. આ દરમિયન દરરોજ અલગ અલગ તબક્કામાં વિદ્યાર્થીઓ હિયરિંગ માટે બોલાવવામાં આવશે જેમાં દરરોજ દરેક ઝોનમાંથી ૧૫૦ વિદ્યાર્થીઓનું હિયરિંગ હાથ ધરવામાં આવશે. આ હિયરિંગ દરમિયાન વિદ્યાર્થીઓને તેમના ચોરી કરતા વિડિયો ફુટેજ બતાવવામાં આવશે ત્યારબાદ વિદ્યાર્થીઓને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવશે. આ હિયરિંગની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ પાછળથી શિક્ષણ બોર્ડ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવશે જેમાં કોપી કેસમાં દોષિત વિદ્યાર્થીઓને એક વિષયનું પરિણામ રદ કરવાથી માંડીને ત્રણ વર્ષ સુધી પરીક્ષામાં ન બેસવા દેવા સુધીની સજા ફટકારવામાં આવી શકે છે. વિદ્યાર્થીને જુદી-જુદી રીતે સુનાવણી માટે બોલાવાશેચોરી કરતા ઝડપાયેલા વિદ્યાર્થી અંગે આજથી સુનાવણી કરાશે.


# સુરતીલાલાઓને મહાત્મા ગાંધીની શિખ

## જો બળદોને પરોણીને આર મારશો તો હું ગાડામાં નહીં બેસતા પગે ચાલવાનું વધુ પસંદ કરીશ

તાજેતરમાં સુરત સુધરાઇનો ૧૬૪મો સ્થાપના દિન ધામધૂમથી ઉજવાયો. સુરત-સુરતીલાલાઓ સમગ્ર દેશમાં આગવી ઓળખ ધરાવે છે. આજથી બરાબર સો વર્ષ પહેલાં ગાંધીજી કસ્તુરબા સાથે સુરતની અને તેના આસપાસની મુલાકાતે આવ્યા હતા.

ગુજરાતમાં સુરત પાસેના એક નાનકડાં એવા કસ્બા 'કઠોર'માં નાતાલ હિંદી સંઘ દક્ષિણ આફ્રિકાના પ્રમુખ દાઉદ મહમદના વતનના ગામની મુલાકાત તેમણે લીધી હતી. દક્ષિણ આફ્રિકાની લડતમાં તથા સ્વાતંત્ર્ય માટે લડતા જે જે સત્યાગ્રહીઓનું જન્મ સ્થાન હોય એને ગાંધીજી યાત્રાનું સ્થાન માનીને અચૂક મુલાકાત લેતા હતા. એ રીતે તેમણે કઠોર ગામની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત બીજી બાબત એ પણ હતી કે દાઉદ મહમદના યુવાન પુત્ર કે જેઓ પણ દક્ષિણ આફ્રિકાની લડતમાં જોડાયા હતા. નાની - યુવાન વયે તેમનું અવસાન થયું હતું. પરંતુ આ મુસ્લિમ યુવાન મિ. હુસેન દાઉદે એકવાર ગાંધીજીએ કોઇ વખત કઠોર તેમના ગામની મુલાકાતે જવું એવી મરણ ઇચ્છા વ્યક્ત કરી હતી. એ કારણે પણ તેઓ કઠોર ગયા હતા.

સુરત અને તેની આસપાસના ઇલાકામાંથી બહુ મોટી સંખ્યામાં હિંદીવાનો દક્ષિણ આફ્રિકા અને અન્ય દેશોમાં એ સમયે પણ જતા હતા. ગાંધીજી પરદેશ જવા ઇચ્છતા હિંદીવાનોને મદદ કરવા સુરત કલેકટર મિ. હસસનને રજુઆત પણ કરી હતી. જો કે કલેકટરે કેટલાંક લોકો ખોટું જણાવી ખોટાં સર્ટીફિકેટો લઇ જવા માગે છે તેવા ઓને શી રીતે મદદ કરી શકું? એવો પ્રશ્ન કર્યો હતો. કલેકટર સાથેની મુલાકાતને ધ્યાનમાં લેતાં જયારે તેમનું સૈયદપુરા ઇસ્લામિયા મંડળ અને ઇસ્લામિયા પુસ્તકાલય તરફથી અપાયેલા માનપત્ર અર્પણના સમારંભમાં સ્પષ્ટ કહ્યું કે દક્ષિણ આફ્રિકામાં જઇ લાડવો મેળવવાનો નથી. ખોટું બોલીને જવા કરતાં હિન્દુસ્તાનમાં પ્રામાણિકપણે જે કાંઇ મળે તે મેળવવાને પ્રયત્ન કરવો ઘટે છે.




ગાંધીજીએ પોતાનું સન્માન ત્યારે જ સાચા અર્થનું ગણાશે કે જયારે હું જે આજે કહું છું તેનું અનુકરણ કર્યાનું બીજી વખત અત્રે આવું ત્યારે મને સાર્થક ત્યારે જ ગણાશે.

તા. ૪ જાન્યુઆરી ૧૯૧૬માં તેઓ કઠોરથી વરાછા જવા માટે રેંકડામાં બેઠા હતા એવી નોંધ ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ, ૯-૧-૧૯૧૬માં મળે છે. આ વર્તમાનપત્રોની નોંધ મુજબ તેમને વરાછા પહોંચવાની ઉતાવળ હોવાથી બળદોને પરોણી મારવામાં આવતી હતી. જેથી રેંકડોને ખેંચતા બળદો ઝડપથી દોડે.

ગાંધી મોટા વરાછામં જાહેર ભાષણમાં જ કહે છે કે મારા સ્વાર્થને ખાતર મારે જલ્દી આવવું હતું. અને તે માટે બળદોને પરોણી મારવામાં આવતી હતી, તે ઠીક લાગ્યું, પણ હિન્દુ ધર્મમાં એવું છે કે ગાય અને બળદને મરાય નહીં. ઇસ્લામી કિતાબમાં દયા ઉપર ધ્યાન રાખવા કહ્યું છે. પણ મેં જોયું કે બળદને લાકડીની ઝીણી આર રાખી મારે છે તે ઘાયકીપણું છે. વિલાયતમાં તે માટે સજા થાય છે. જયારે અહીં હિન્દુસ્તાનમાં તે માટેના પગલાં લેવાતાં નથી.

હિન્દુ અને મુસલમાનોની બહોળી ઉપસ્થિતિમાં તેમણે આગળ કહ્યું કે બંને કોમોના શાસ્ત્રોમાં ફરમાન છે કે હલકાંમાં હલકાં પ્રાણીઓને ઘાતકી પણે મારવું નહીં. હું રેંકડોમાં બેઠો હતો એના બળદને પરોણીમાં મારવામાં આવી હતી. જલ્દી પહોંચવાના મારા સ્વાર્થ માટે થઇને આ કૃત્ય થયું હતું મારે પણ ઇશ્વરના દરબારમાં આ માટે જવાબ આપવો પડશે. હવે પછી આવું ત્યારે પરોણીની આર કાઢી નાંખવાથી મને સંતોષ થશે. પણ જો તેમ નહીં નાંખવાથી મને સંતોષ થશે. પણ જો તેમ નહીં કરશો તો ગાડામાં નહીં બેસતા પગે ચાલવાનું પસંદ કરીશ. જો આપણા ઉપર પ્રવાહ કરવાનું વિચારીએ તો આપણએ ગાળ દઇએ છે તે ધ્યાનમાં રાખવાનું સુરતીઓને કહેતાં નબળાં પ્રાણી ઉપર પ્રવાહ ન કરવા ફરી ફરીને સુચવ્યું હતું.

સંદર્ભ : ૧૫૭, કઠોરમાં ભાષણ, મોટા વરાછામાં ભાષણ, પૃ - ૧૮૨-૧૮૩, ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૩)

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે)